# ઉનાવા ગામની પાંચ રેશનિંગ દુકાનો અનિયમિતતાના પગલે સીલ કરાઈ

ઉનાવા, તા. ૫

ઊંઝા નજીકના ઉનાવા ગામે સરકાર માન્ય રેશનિંગની દુકાનોની આકસ્મિક તપાસ દરમિયાન કથિત અનિયમિતતા જણાતાં જિલ્લા પુરવઠાતંત્રના ઉચ્ચ અધિકારીએ ગામની તમામ પાંચ રેશનિંગની દુકાનોને સીલ કરી દેતા આવી દુકાનોના સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ઉનાવા ગામમાં જુદા જુદા વિસ્તારોમાં પાંચ જેટલી સરકાર માન્ય રેશનિંગની દુકાનો આવેલ છે.આ દુકાનોની જિલ્લા પુરવઠાતંત્રના અધિકારીઓની ટુકડીએ આકસ્મિક તપાસ કરી હતી. જેમાં દુકાનોના સંચાલકો દ્વારા કથિત અનિયમિતતાઓ આચરવામાં આવતી હોવાનું માલુમ પડતાં જિલ્લા પુરવઠાતંત્રે પાંચ રેશનિંગની દુકાનોને સિલ કરી દીધી હતી. આ કાર્યવાહી દરમિયાન ગામના આઝાદ ચોક વિસ્તારમાં આવેલ કેટલિક દુકાનોના સંચાલકો કાર્ડ ધારકોને નિયત પુરવઠો ન આપતા હોવાની લોક ફરિયાદો અધિકારીઓ સમક્ષ થઈ હતી.

કહે છે કે ઉનાવામાં છેલ્લા ઘણા વખતથી રેશનિંગની દુકાનોના સંચાલકો દ્વારા કાર્ડ ધારકો એવા બીપીએલ અંત્યોદય યોજના હેઠળના જરૂરતમંદોને નિયત પુરવઠો આપવામાં આવતો નથી. કેટલાક દુકાનદારો ઘઉં, ચોખા, કેરોસીનનો જથ્થો બારોબાર કાળાબજારમાં વેચી દેતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. અત્રે ગામમાં કરીયાણાની દુકાન ધરાવતા એક બે દુકાનદારો રેશનિંગના માલો ખરીદીને તેનુ કાળાબજારમાં વેચાણ કરી રહ્યા હોવાનુ લોકજીભે ચર્ચાય છે. આ બાબતે જીલ્લા પુરવઠાતંત્રના ઉચ્ચ અધિકારીઓએ ઝીણવટભરી તપાસ કરી સત્વરે કડક પગલાં ભરવા જોઈએ તેવુ કાર્ડ ધારકો ઈચ્છે છે.

## કોડીયાવાડામાં ડાકણ કહી હુમલો કરાતા ફરીયાદ

હિંમતનગર, તા. ૫

વિજયનગર તાલુકાના કોડીયાવાડા ગામે ગુરૂવારે એક મહિલાએ અન્ય એક મહિલાને ડાકણ કહી તેણી પર હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

કોડીયાવાડાના દલીબેન દિલીપકુમાર પટેલે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવાયા મુજબ ગુરૂવારે આજ ગામના ગોરીબેન નવનીતકુમાર પટેલે દલીબેનને ડાકણ કહી મારા છોકરાઓને રખડતા કરી દીધા છે.

# અરવલ્લી જિલ્લામાં ઓનલાઈન ગેસ એજન્સીની ફાળવણી પ્રક્રિયાને પગલે હોબાળો

### પેટ્રોલિયમ અધિકારીઓ સમક્ષ ડ્રો દ્વારા એજન્સી ફાળવવા રજુઆત

અરવલ્લી જિલ્લાના ૧૨ શહેરી અને ગ્રામ્ય વિસ્તારની વિવિધ પેટ્રોલિયમ કંપનીના ડિસ્ટ્રીબ્યુટરની



નિમણુંક માટે ઓનલાઈન જાહેરાત બહાર પાડવામાં આવી હતી. જેમાં ગેસ એજન્સી મેળવવા માટે લોકોએ અરજી કર્યા બાદ શુક્રવારે જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલા જિલ્લા સેવાસદન ખાતે આઈઓસી, બીપીસીએલ અને એચપી કંપનીના અધિકારીઓ દ્વારા કોમ્યુટર ઓનલાઈન ડ્રો કરી વિતરકની ફાળવણીની પ્રક્રિયા હાથ ધરાયાં બાદ ઓનલાઈન એજન્સીની ફાળવણીમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ સાથે હોબાળો મચાવ્યો હતો. થોડા સમય માટે પ્રક્રિયા સ્થગિત કરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તાર માટે એલપીજી ગેસની વિતરક તરીકે જિલ્લા



સેવાસદન ખાતે શુક્રવારે આઈઓસી,બીપીસીએલ અને એચપી કંપનીના અધિકારીઓ દ્વારા ઓનલાઈન કોમ્પ્યુટર ડ્રો દ્વારા વિતરકોની પસંદગી હાથ ધરવામાં આવી હતી. જેમાં જિલ્લામાં એલપીજી ગેસની એજન્સી ધરાવતા વિતરકો અને તેમના મળતિયાઓને જ ફરીથી એજન્સી મેળવતા અને જિલ્લા બહારના લોકોને જ વિતરક તરીકે એજન્સી મળી હોવાની અને ઓનલાઈન એજન્સી ફાળવણીમાં ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે ભારે હોબાળો મચાવી કોમ્પ્યુટર ડ્રો ના બદલે ચીઠ્ઠી ઉછાળી ગેસ વિતરક તરીકે ફાળવણી કરવી જોઈએ તેમ રોષ અધિકારીઓ અને પત્રકારો સામે ઠાલવ્યો હતો અને સરકારની નીતિથી દુ:ખી થયા હોવાનું જણાવતા નજરે પડ્યા હતા.

# હિંમતનગર બસ સ્ટેન્ડ વિસ્તારમાં આડેધડ વૃક્ષછેદન થતા અનેકવિધ ચર્ચા

હિંમતનગર, તા. ૫

હિંમતનગરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં એક હોસ્પિટલ આગળથી ગુરૂવારે લીલા વૃક્ષો કાપી નાખવામાં આવતા હિંમતનગર શહેરમાં આ અંગે અનેકવિધ ચર્ચાઓ શરૂ થઈ છે. તેથી સંલગ્ન વિભાગ દ્વારા આ ઝાડ કાપવાની મંજુરી અપાઈ છે કે નહિ તે અંગે તપાસ કરવી જોઈએ.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર બસસ્ટેન્ડ વિસ્તારમાં આવેલ એક હોસ્પિટલ આગળથી શુક્રવારે કેટલાક લીલા લીમડાના ઝાડ કાપી નાખવામાં આવ્યા હતા. જો કે તે અંગે કલેક્ટર કે જંગલ ખાતાની કોઈ મંજુરી લેવાઈ છે કે નહિ તે અંગે લોકોમાં અનેકવિધ ચર્ચાઓ શરૂ થઈ છે. રાજકીય પીઠબળ ધરાવતા એક ગૃહસ્થે કાયદાની મર્યાદામાં રહીને જો વૃક્ષ કાપ્યા હોય તો તે જાહેર કરવું જોઈએ. અથવા તો તેમની સામે પગલા લેવાવા જોઈએ. એમ સ્થાનિક પ્રજા ઈચ્છી રહી છે.

બીજી તરફ પર્યાવરણને ધ્યાનમાં રાખીને સરકાર અને સમાજીક સંસ્થાઓ અનેક વૃક્ષો વાવીને તેનુ જતન કરવાનું કામ કરે છે ત્યારે જો શહેરના ભરચક વિસ્તારમાં થઈ રેલી વૃક્ષ છેદનની પ્રવૃત્તિ કેમ કરીને સાંખી લેવાય તે પણ અણીયારો સવાલ છે. બીજુ એ કે જે સ્થળેથી વૃક્ષો કાપવામાં આવ્યા છે તે જગ્યા કોઈ માલિકીની છે કે સરકારી તે પણ તપાસ કરવી જોઈએ.



## મહારાષ્ટ્રના પુનાના મામલે દલિત સમાજે આવેદન આપ્યું

મહારાષ્ટ્રના પુના ખાતે આવેલ ભીમા કોરેગાવ ખાતે આવેલા વિજયસ્તભ સ્મારકમાં દલિત સમાજની ઉજવણી માં જાતીવાદી પરીબળો દ્વારા હિંસક પથ્થરમારો કારતા મામલો વણસ્યો હતો. જેમા એક દલીત યૂવાનનુ મોત નિપજયુ હતુ ત્યારે આ મામલે દલિત સમાજમાં ઘેરા પ્રત્યાઘાત સમગ્ર ગુજરાતમાં જોવા મળ્યા હતા ત્યારે આજે મહેસાણા માં દલિત સમાજે ભેગા મળીને જિલા કલેકટરને આવેદન આપીને પોતાનો આ સમગ્ર મામલે વિરોધ નોધાવ્યો હતો. જ્યારે આજના આવેદનમાં કોઈ રેલી કે પછી વિશેષ કાર્યકર્મ ન કરવામાં આવ્યો હતો. જોકે સંખ્યાની દ્રષ્ટિએ માત્ર ૧૦ વ્યક્તિ જ હાજર હતા.



વાવ તાલુકાના ઉચ્પા ગામેથી ગતરોજ મામલતદાર કચેરીના લેન્ડ લાઈન ટેલિફોન ઉપરથી તળાવમાંથી ગેરકાયદેસર માટીનું વેચાણ થાયછે તેવા સમાચાર મળતાં મામલતદાર તથા તલાટી તરફથી સ્થાનિક તપાસ પોલીસને સાથે રાખી કરાવવામાં આવતાં સ્થળ પરથી ૮-૧૦ ટ્રેક્ટર તથા જે.સી.બી. મળી આવતાં ચાર માટી ભરેલ ટ્રેક્ટરવાળાઓ પાસેથી રૂપિયા ૨૦,૦૦૦ પ્રમાણેનો દંડ કરી વાહનો છુડી મુકવામાં આવ્યા હતા.

## અરવલ્લી જિલ્લામાં ૨૫મીએ રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવાશે

અરવલ્લી જિલ્લામાંતા. ૨૫મી જાન્યુઆરીએ 'રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૮'ની ઉજવણીના ભાગરૂપે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ભારતીય ચૂંટણી પંચ દ્વારા વર્ષ ૨૦૧૧ થી ૨૫મી જાન્યુઆરીને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. અરવલ્લી જિલ્લામાં ૮માં રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૮ની જિલ્લાકક્ષાની ઉજવણી મહાલક્ષ્મી ટાઉનહોલ, મોડાસા ખાતે રાખવામાં આવેલ છે. જ્યાં સવારે ૧૦ કલાકે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરક, અરવલ્લી દ્વારા મતદાન જાગૃતિ માટેની બાળકોની રેલીને પ્રસ્થાન કરવામાં આવશે. ત્યારબાદ રાષ્ટ્રીય મતદાતા દિવસ ૨૦૧૮ની ઉજવણી અંતર્ગત ૧૮ થી ૨૦ વર્ષના નવા નોંધાયેલ મતદારોનું કલેક્ટર અને અન્ય મહાનુભાવો દ્વારા ચૂંટણીકાર્ડ આપીને સન્માન કરવામાં આવશે.

# પાલિકાના ખુલ્લા ખાડાના કારણે પરિવારને ખર્ચના ખાડામાં ઉતરવાની નોબતથી રહીશોમાં ભારે રોષ

### થરાદના શિવનગરમાં ખુલ્લી કુંડીમાં વૃદ્ધા પટકાતાં ગંભીર ઇજા

થરાદના શિવનગર વિસ્તારમાંથી પસાર થતી પાણીની પાઈપલાઈનને ઓપરેટ કરવા માટે જમીનમાં સામાન્ય ખાડામાં પાલિકા દ્રાર વાલ્વ મુકવામાં આવ્યો હતો.જોકે તાજેતરમાં તેની ફરતે બે બાય બે ફુટની પાકી કુંડી બનાવવામાં આવી હતી.ગુરુવારની સવારના સુમારે વિસ્તારની તગીબેન સત્તાભાઇ લુહાર નામની ૫૨ વર્ષની આધેડ મહિલા રોડની સાઇડમાં જઇ રહી હતી.જેને જમીનને સમાંતર બનાવવામાં આવેલ કુંડી નહી દેખાવાના કારણે તે તેમાં પટકાઇ હતી.આથી તેમાં રહેલ લોખંડનો વાલ્વ લાગવાના કારણે ફ્રેક્ચર ઉપરાંત લોહીયાળ ઈજાઓ પણ થવા પામી હતી.આ બનાવ સામે દુકાન ધરાવતા આનંદ ગૌસ્વામી જોઈ જતાં તે તરત દોડી આવ્યો હતો.અને ટાંકીમાં ઉતરી મહિલાને બેઠી કરી પકડી રાખી બુમાબુમ કરીને રહીશોને બોલાવતાં બહોળી સંખ્યામાં એકઠાં થઈ જવા પામ્યા હતાં.મહિલાને ગંભીર ઈજા થવાના કારણે સામે જ મેડીકલ સ્ટોર ધરાવતા યુવક હિતેશ ત્રિવેદીએ પ્રાથમિક સારવાર કર્યા બાદ કોઈએ ૧૦૮ને જાણ કરતાં તેની મદદથી તેણીને શહેરની નડેશ્વરી હોસ્પીટલમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી.જ્યાં તપાસ કરતાં પગે ફ્રેકચર જણાતાં ઓપરેશન કરાવવાની



નોબત આવી હતી.આથી ઈજાગ્રસ્તના પરિવાર તથા સમાજના આગેવાન રામજીભાઈ લુહાર સહિતોમાં ભારે રોષ અને આક્રોશની લાગણી ફેલાવા પામી હતી.રહીશોએ જણાવ્યું હતુંકે પાલિકા દ્રાર રોડની સમાંતર કુંડીઓ બનાવવાની કામગીરી ચાલુ હતી ત્યારે જ તેમણે થોડી ઉંચી ટાંકીઓ બનાવવા માટે પણ પાલિકામાં રજુઆત કરવામાં આવી હતી.તેમ છતાં પણ તંત્રએ આંખઆડા કાન કરતાં બેદરકારીના પરિણામે પરિવારને આજની કાળઝાળ મોંઘવારીમાં માંડ માંડ મજુરી કરી પેટીયું રળતા શ્રમજીવી પરિવારને લેવાદેવા વગર ઓપરેશન સહિતના આર્થિક ખર્ચના ખાડામાં ઉતરવાની નોબત આવી હતી.સાથે સાથે હજુ પણ કોઈ જાણ્યા અજાણ્યા માટે જવલેણ બને તે પુર્વે તેને દેખાય તેમ બનાવવાની પણ માંગ ઉઠવા પામી હતી.

# હિંમતનગર તાલુકા પંચાયતની છ મહિનાથી સામાન્ય સભા ન બોલાવાતા ઉગ્ર રોષ

### તાલુકા પંચાયતના પ્રમુખ સત્તાધારી અને વિરોધ પક્ષના રોષને પારખી સભા ન બોલાવતા હોવાનુ અનુમાન

હિંમતનગર, તા. ૫

હિંમતનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસનું શાસન છે. ત્યારે તાલુકા પંચાયતના પ્રમુખે છેલ્લા છ માસથી સામાન્ય સભા બોલાવી નથી. જેના કારણે તેમની નિયત પર સત્તાધારી અને વિરોધપક્ષના સભ્યો શંકા કરી રહ્યા છે. તો બીજી તરફ ભ્રષ્ટ અધિકારીઓ પણ આ અંગે કોઈ નિર્ણય લેતા નથી.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર તાલુકા પંચાયતમાં પ્રમુખ તરીકે ઈમરાનભાઈ ઠાકોર સેવા આપતા હોવાને કારણે તાલુકાના વિકાસ કામોનો વહીવટ તેમની પાસે હોય તે સ્વાભાવિક છે. દરમ્યાન થોડા સમય અગાઉ ભાજપ અને કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યોએ તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી હતી. પરંતુ પ્રમુખ તથા કોંગ્રેસના મોવડીઓએ તાલુકા પંચાયતના નારાજ થયેલા કેટલાક સભ્યોને મનાવી લેતા અવિશ્વાસની દરખાસ્તનું સૂરસૂરીયુ થયુ હતુ.

બીજી તરફ છ માસથી તાલુકા પંચાયતની સામાન્ય સભા બોલાવાતી ન હોવાને કારણે છ મહિનામાં થયેલા અને થનારા વિકાસ કામો અંગે કોઈ ચર્ચા થઈ શકતી નથી. ઉપરાંત ગામડાઓમાં મહિલાઓ માટે શૌચાલયો બનાવવાની યોજનાને તાલુકા પંચાયતના ભ્રષ્ટ અધિકારીઓએ કાગળ પર ૧૦૦ ટકા કામગીરી બતાવી દીધી છે. પરંતુ હકિકતમાં જો ગામડાઓમાં જઈને તપાસ કરવામાં આવે તો સાચી હકિકત બહાર આવે તેમ છે.

હવે તાલુકા પંચાયતના પ્રમુખની મુદત પૂર્ણ થવાને આડે થોડોક સમય બાકી હોવાને કારણે પ્રમુખને સત્તાધારી અને વિરોધપક્ષના સભ્યોનો સામનો ન કરવો પડે તે આશયથી તેઓ સામાન્ય સભા બોલાવતા નથી. તેવી છાપ ઉપસી રહી છે. જેથી જરૂર પડે જીલ્લા વિકાસ અધિકારીએ આ મામલે દરમ્યાનગીરી કરી સત્વરે સામાન્ય સભા બોલાવવા માટેનો એજન્ડા બહાર પાડવો જોઈએ.



## સુનોખ પાટિયા નજીક બાઈકસવારને કારચાલકે ટક્કર મારતા બાઈકચાલકનું મોત

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ પર આવેલા સુનોખ પાટિયા નજીકથી બાઈક લઈ પસાર થતા સિદ્ધરાજ નાનજીભાઈ ખરાડી (ઉં.વર્ષ-૧૮) રહે.સુનોખની બાઈક (ગાડી.નં-જીજે.૦૯.એક્યુ-૨૬૪૫)ને રાજસ્થાન તરફથી આવતી મારુતિ સિલિરિયો (ગાડી આરજે.૧૨. સીએ. ૬૬૩૬)ના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી પાછળથી ટક્કર મારતા બાઈક ચાલાક સિદ્ધરાજ ખરાડી રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતા સુનોખ ગામમાં ભારે શોક ફેલાયો હતો. અકસ્માતની જાણ શામળાજી પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવાનને પીએમ માટે ખસેડી અકસ્માત સર્જી ફરાર કાર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## સીંગાપોરના વિઝા અપાવવાના બહાને ૧૧.૨૨ લાખની છેતરપીંડી કરતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૫

હિંમતનગરના લક્ષ્મીપુરા કંપામાં રહેતા બે જણાને પાંચ માસ અગાઉ અમદાવાદના એક શખ્સે સીંગાપોરના વિઝા અપાવી નોકરી અપાવવાના બહાને લીધેલા અંદાજે રૂ. ૧૧.૨૨ લાખથી વધુની રકમ પરત ન આપી વિશ્વાઘાત અને છેતરપીંડી કરતા અમદાવાદના આ શખ્સ વિરૂદ્ધ ગુરૂવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

હિંમતનગરની રામેશ્વર સોસાયટીમાં રહેતા ભરતકુમાર મણીલાલ લુહારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૯-૭-૨૦૧૭થી તા. ૧૭-૧૦-૨૦૧૭ દરમ્યાન અમદાવાદના મીરઝાપુર વિસ્તારમાં આવેલ હબીબ રેસીડેન્સીમાં રહેતા ફહીમએહમદ ગુલામસૈયદે ભરતકુમાર લુહારને સીંગાપોરના વર્કપરમીટ વિઝા કઢાવી આપી નોકરી અપાવવાના બહાને તેમની પાસેથી રૂ. ૭,૭૨,૨૦૦ લીધા હતા. તેજ પ્રમાણે હર્ષકુમાર નામના શખ્સ પાસેથી રૂ. ૩.૫૦ લાખ લેવામાં આવ્યા હતા.



## કાંકરેજના રણાવાડા જાગીર ગામે અંબાજી મંદિર ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના રણાવાડા (જાગીર) ગામે અંબાજી મંદિર સેવાસમિતી અને દુર્ગાવન પરિવાર તથા પરશુરામ યુવક મંડળ દ્વારા સ્વૈચ્છિક રક્તદાન શિબીર ૨૦૧૮નું સુંદર આયોજન પોષી પુનમના પાવન દિવસે કરાયુ હતુ. નિજ મંદિરમાં આવેલ બોરડીનું ઝાડ ૫૦૦ વર્ષ પુરાનુ જુનુ ખડુ છે. જ્યાં તળાવની પાળ ઉપર જ મા અંબાજીનુ મંદિર આવેલ છે જે હવે પરિવારની કુળદેવી હોવાથી ગત વર્ષે મંદિરનો જિર્ણોદ્ધાર કરીને દર પુનમે ભોજન પ્રસાદનું સદાવ્રત અંબાજી મંદિર સેવા સમિતિ દ્વારા કરવામાં આવે છે. ત્યારે પોષી પુનમના દિવસે ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી આ.પ.ક. વિભાગ ગુજરાત સરકારની સ્પેશ્યલ એમ્બ્યુલન્સ સાથે બ્લડના તજજ્ઞોની ટીમ રણાવાડા (જા) ખાતે અંબાજી મંદિરે આવી હતી. જ્યાં બ્રહ્મસમાજના યુવાનો દ્વારા ૬૭ કરતા પણ વધુ બોટલ બ્લડ એકઠુ થવા પામ્યુ હતુ. જેમાં કાંકરેજ મામલતદાર ચૌહાણ તથા ટીડીઓ કાંકરેજ પટેલ પણ આ કેમ્પમાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં રણાવાડા દવે પરિવાર તેમજ બ્રહ્મસમાજના અગ્રણીઓએ ભારે ઉત્સુકતા સાથે રક્તદાન કર્યું હતું.

## લાખણીના કુડા ગામના યુવકને સેન્ટિંગનું પતરૂ પડતા ગંભીર ઈજાઓ

લાખણી, તા. ૫

લાખણી તાલુકાના કુડા



ગામના એક અસરે ત્રીસ વર્સીય યુવક કાપડી ભરતભાઈ રૂપાભાઈ આજ ચારડા ગામે સેંટિંગનું કામ કરતા હતા ત્યારે તેમને માથે પતરું પડતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેને થરાદની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતો.

## મોડાસામાં ઓધારી મંદિર પાસે આગામી મંગળવારથી ભાગવત કથાનો પ્રારંભ

અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે અબોલ પશુધનના લાભાર્થે શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યુંછે. જેનો પ્રારંભ તા. ૯-૧-૧૮ને મંગળવારે થશે.

શ્રીમદ ભાગવત કથા આયોજન સમિતિ તથા ગૌ-પ્રેમીજનો, મોડાસા શ્રી ઈડર પાંજળાપોળ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહેલ આ ભાગવત કથાના વ્યાસપીઠ ઉઓર પ.પૂ.શ્રી શ્યામસુંદરદાસજી બાપુ (વસાઈ) બીરાજશે. માલપુર રોડ ઉપર ઓધારી મંદિર પાસે વિશ્વ હિન્દૂ પરિષદના મેદાનમાં આયોજિત આ કથાના પ્રારંભે ૯-૧-૧૮ને મંગળવારે સવારે ૧૧.૨૫ કલાકે મોડાસામાં ૨૪, આદર્શ સોસાયટી ખાતેના પટેલ ઊર્મિલાબેન ગોવિંદભાઈ (ટીટોઈવાળા)ના નિવાસ સ્થાનેથી પોથીયાત્રા નીકળશે. તા. ૯-૧-૧૮ થી ૧૫-૧-૧૮ સુધી ચાલનારી આ કથાનો સમય બપોરે ૧૨ થી સાજન ૪ સુધી રહેશે. ૯૯ વર્ષ જૂની જીવદયાનું પુણ્ય કાર્ય કરતી બે જિલ્લા વચ્ચેની એકમાત્ર ઈડર પાંજળાપોળ સંસ્થામાં અત્યારે ૩૦૦૦ અબોલ જીવોના નિભાવ અને સારવારની વિરાટ જવાબદારી છે.